Shubh Laxmi
STEEL & TUBE
Plot No. B/ Ind /129/A, Sub Plot No.3,
Near Udhna Sangh Commercial Complex, Udhna Station Road,
Udhna, Surat - 394 210 (Gujarat) India
+91 96011 48484 shubhlaxmisteelandtube@gmail.com
SUPPLIERS OF M.S. PIPE, GALVANISED PIPE,

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


9510971051 | 9510971049
Laxminarayan SysTech Private Limited

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ ભાદરવો સુદ બીજ, ગુરુવાર ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૪૯ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# મોબાઈલ ફોન અને મગજનાં કેન્સર વચ્ચે કોઈ સંબંધ નથી : WHO

**28 વર્ષોથી** ચાલતા સંશોધન અને ઊંડા અભ્યાસની સમીક્ષા પછી આવેલુ સર્વાનુમત તારણ

**નવો અભ્યાસ** વધુમાં વધુ સર્વગ્રાહી હોવાનો દાવો કરીને મોબાઇલ યૂઝર્સને ધરપત આપવામાં આવી

**નવા અભ્યાસ** અનુસાર મોબાઇલ ફોનનો ગમે તેટલો સમય ઉપયોગ કરો પણ કોઇ ફેર પડતો નથી

**ન્યુયોર્ક, તા. 04 :** રેડિયો તરંગોના સંપર્કથી થનારા સંભવિચ આરોગ્ય પ્રભાવની એક વ્યવસ્થિત સમીક્ષામાં એવી જાણકારી મળી છે કે મોબાઇલ ફોન અને મગજના કેન્સર વચ્ચે કોઇ સંબંધ નથી. વિશ્વ આરોગ્ય સંસ્થાએ હાથ ધરેલી સમીક્ષામાં આવું જાહેર થયું છે અને તેને એનવાયરમેન્ટ ઈન્ટરનેશનલ મેગેઝિનમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

'એન્વાયર્નમેન્ટ ઈન્ટરનેશનલ' નામની જર્નલમાં એવું જણાવાયું છે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વખતે તેને માથાં સાથે રાખવો પડે છે અને મોબાઈલ ફોનમાંથી રેડિયો તરંગ બહાર આવે છે એટલે તેનાથી મગજનું કેન્સર થવાની સંભાવના છે એવી દહેશત વિશ્વભરમાં પ્રચલિત છે. આથી વિજ્ઞાને મોબાઈલ ફોનમાંથી વછૂટતા રેડિયો તરંગની ચિંતા કરવી રહી. પણ વૈજ્ઞાનિક અભ્યાસ પરથી એક સર્વાનુમત તારણ એવું કરવામાં આવ્યું છે કે



મોબાઈલ ફોનની મગજ પર અને ખાસ કરીને સ્વાસ્થ્ય પર કોઈ અસર પડતી નથી. આ સર્વાનુમત તારણ છતાં મોબાઈલ ફોન અને મગજનાં કેન્સર વચ્ચે સંબંધ હોવાની દહેશત પ્રચલિત હતી.

2011નાં ઉક્ત તારણ માટેનાં માહિતીના જથ્થાં કરતાં અને કરતા માહિતી જથ્થાને આધારે આ નવું તારણ કાઢવામાં આવ્યું છે. નવો અભ્યાસ વધુમાં વધુ સર્વગ્રાહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને મોબાઈલ વપરાશકારોને ધરપત આપવામાં આવી છે કે મોબાઈલ ફોન અને મગજના કેન્સર વચ્ચે કોઈ સંબંધ નથી.

### રેડિયો તરંગ માનવીના આરોગ્ય માટે જોખમી ન હોવાનું WHOનું તારણ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ રેડિયો તરંગ અને માનવ આરોગ્ય વચ્ચે સંબંધોનો વ્યાપક અભ્યાસ હાથ ધર્યો હતો અને એવું સ્પષ્ટપણે જણાવ્યું છે કે વાયરલેસ ટેકનોલોજીનાં રેડિયો તરંગ માનવીના આરોગ્ય માટે જોખમી નથી. આ મુદ્દા પર અત્યાર સુધીમાં થયેલા પાંચ હજારથી વધુ અભ્યાસને તેમાં ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આમાંથી 63 અભ્યાસ તો 1994થી 2022 સુધીમાં હતા પણ તે અસંબધ્ધ જણાતાં આખરી તારણમાંથી બાકાત રખાયા હતા.

### મોબાઇલ ફોન અને માથાના કે ગરદનનના કેન્સર વચ્ચે કોઇ સંબંધ ન જણાયો

મોબાઇલ ફોનના ઉપયોગ અને માથાના કે ગરદનના કેન્સર વચ્ચે પણ સંબંધ જણાયો નથી. મોબાઇલ ફોનનો ગમે તેટલો સમય ઉપયોગ કરો પણ કોઇ ફેર પડતો નથી એમ આ અભ્યાસ કહે છે. અગાઉ સંશોધનમાં જણાવાયું હતું કે વાયરલેસ ટેકનોલોજીઓનો છેલ્લા કેટલાક દાયકામાં વધારો થયો છે પણ મગજના કેન્સરનાં પ્રમાણમાં વધારો નથી થયો. આ સંશોધનનો સારાંશ એટલો જણાય છે કે મોબાઇલ ફોન સલામત સ્તરે જ રેડિયો તરંગ બહાર પાડે છે તાં જુદા જુદા સ્તરે રેડિયો તરંગની ટેકનોલોજીમાં ધ્યાન રાખવાની ફરજ વિજ્ઞાન બજાવશે જ એમ જણાવાય છે.


### 2011માં એક ઇન્ટરનેશનલ એજન્સીએ મગજના કેન્સર માટે મોબાઇલ કારણભૂત હોવાનું જણાવ્યું હતું

2011માં ઇન્ટરનેશનલ એજન્સી ફોર જીલ એ ઓન કેન્સરે જણાવ્યું હતું કે રેડિયો તરંગનો સંપર્ક માનવી માટે કેન્સર કરી શકે. આ અર્થઘટન ખોટી રીતે લેવાયું અને મગજના કેન્સર માટે મોબાઇલ ફોનને કારણભૂત ગણવાનું શરૂ થયું. વિશ્વ આરોગ્ય સંસ્થાના એક ભાગ રૂપ આ કેન્સર રીસર્ચ એજન્સીએ રેડિયો તરંગને કેન્સર માટે કારણભૂત ગણ્યા પણ હકીકતમાં એવું તારણ નીકળ્યું કે એજન્સીએ પુરતા આધાર વગર જ આ તારણ કાઢયું હતું. આવા અભ્યાસ માટે માનવી પર લાંબા સમયની આરોગ્યની અસર જોવાતી હોય છે પણ તેણે મગજના કેન્સરના દર્દી મોબાઇલનો ઉપયોગ કરતા હોવાની કડી પકડી તારણ કાઢયું હતું.

## ટેક્સાસમાં ભયાનક માર્ગ અકસ્માતમાં **ચાર ભારતીયો જીવતા સળગી મર્યા,** ઘણાં લોકો ઘાયલ

**મૃતકોમાં** હૈદરાબાદના આર્યન ઓરમપટ્ટી, તેનો મિત્ર ફારૂક અને તેલુગુ વિદ્યાર્થી લોકેશ તેમજ તમિલનાડુની દર્શિનીનો સમાવેશ

**પૂરઝડપે** આવતી ટ્રકે એસયુવીને ટક્કર મારતા તે અન્ય વાહનો સાથે અથડાઇને તેમાં આગ લાગતા તેમાં સવાર સળગી મર્યા





**હ્યુસ્ટન, તા. 04 :** અમેરિકાના ટેક્સાસમાં ગયા અઠવાડિયે એક ભયાનક માર્ગ અકસ્માતમાં ચાર ભારતીયોના મોત થયા હતા જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે મૃતકોની ઓળખ હૈદરાબાદના કુકટપલ્લી ઉપનગરના આર્યન રઘુનાથ ઓરમપટ્ટી, તેના મિત્ર ફારૂક શેખ, અન્ય તેલુગુ વિદ્યાર્થી લોકેશ પલાચરલા અને તમિલનાડુના દર્શિની વાસુદેવ તરીકે કરવામાં આવી છે.

પ્રારંભિક મીડિયા અહેવાલો અને પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, શુક્રવારે બપોરે જ્યારે અકસ્માત થયો ત્યારે હાઇવે પર એસયુવી સહિતના વાહનોની લાઇ લાગી હતી. નજરે જોનારાઓના જણાવ્યા અનુસાર, તેજ ગતિએ આવી રહેલી એક ટ્રક કાબૂ ગુમાવીને એસયુવીના પાછળના ભાગ સાથે અથડાઈ. તે પછી એસયુવી અન્ય ત્રણ વાહનો સાથે અથડાઈ, જેના કારણે તેમાં આગ લાગી અને તેમાં મુસાફરી કરી

...અનુસંધાન પાના ૯ પર

## દિલ્હી ડાયરી

### ભારતીય સેનાને યુનિફોર્મમાં ઘરેણાં-ધાર્મિક પ્રતીકો નહીં પહેરવા આદેશ

ભારતીય સૈન્યએ તાજેતરમાં તેના કર્મચારીઓને એક સંદેશ મોકલ્યો હતો કે યુનિફોર્મમાં ઘરેણાં અને ધાર્મિક પ્રતીકો પહેરવા માટે નીતિ હોવા છતાં ઘણા કર્મચારીઓ નિયમોનું પાલન કરતા નથી. સંદેશમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, સેનાના જવાનોને ધાર્મિક ચિહ્નો અને ચેઇન, વીંટી અને અન્ય એસેસરીઝ પહેરેલા જોવામાં આવ્યા છે, જે નિયમોની વિરુદ્ધ છે. તેણે નવા નિર્દેશમાં પુનરોચ્ચાર કર્યો છે કે, ડાબા હાથ પર માત્ર એક વીંટી પહેરી શકાય છે, કડું ફક્ત શીખ કર્મચારીઓ અને શીખ સૈનિકો સાથે તૈનાત લોકો માટે જ માન્ય છે, ગળામાં કોઈ ચેઇન અથવા પવિત્ર દોરો પહેરવો જોઈએ નહીં અને કોઈ યુનિફોર્મમાં કોઈ નિશાન અથવા પ્રતીક હોવું જોઈએ નહીં. ધાર્મિક ચિહ્નો અને પ્રતીકોને સમર્થન આપવાના આ ઉલ્લંઘનો, ખાસ કરીને છેલ્લાં કેટલાંક વર્ષોમાં દિન-પ્રતિદિન

...અનુસંધાન પાના ૯ પર

## ભારત વિકાસની નીતિને ટેકો આપે છે, વિસ્તારવાદને નહીં : PM મોદી

**વડાપ્રધાન મોદીએ વિકાસની નીતિ અને વિસ્તારવાદ સંબંધી ટીપ્પણી ચીનના સંદર્ભમાં કરી હોવાનું વ્યક્ત થતું તારણ**

**બંને દેશ** આંતરરાષ્ટ્રીય કાયદાઓ હેઠળ આ પ્રદેશમાં નેવિગેશન અને વિમાનને ઉડવાની સ્વતંત્રતાને સમર્થન આપે છે : મોદી

**બ્રુનેઇના** સુલતાન હસનલ બોલ્કિયા સાથે પીએમ મોદીએ સંરક્ષણ, વેપાર અને રોકાણ સહિતના વિવિધ મુદ્દે વાટાઘાટો કરી



**બાન્દર સેરી બેગવાન, તા. 4 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે ભારત 'વિકાસની નીતિને ટેકો આપે છે, અને વિસ્તરણવાદને નહીં', એક ટિપ્પણી જે ચીનનાં સંદર્ભમાં કરવામાં આવી હતી જ્યારે તેમણે બ્રુનેઈની દ્વિપક્ષીય મુલાકાત પૂર્ણ કરી હતી, જ્યાં બંને દેશોએ પ્રદેશમાં 'નેવિગેશનની સ્વતંત્રતા' માટે તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી.

ભારત અને બ્રુનેઈએ તેમના સંબંધોને 'ઉન્નત ભાગીદારી' તરફ વધાર્યા હતા જ્યારે વડા પ્રધાન મોદીએ સંરક્ષણ, વેપાર અને રોકાણને આવરી લેતા વિવિધ મુદ્દાઓ પર સુલતાન હસનલ બોલ્કિયા સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી.

...અનુસંધાન પાના ૯ પર

### સિંગાપોર પહોંચેલા PM મોદીએ ભારતને રોકાણ માટેનું આદર્શ સ્થળ ગણાવ્યું

**સિંગાપોર, તા. 04 (PTI) :** વડાપ્રધાન નરેન્દ્ર મોદી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા અને રોકાણ આકર્ષવાના ઉદ્દેશ્ય સાથે દક્ષિણપૂર્વ એશિયાઇ રાષ્ટ્રની બે દિવસીય મુલાકાતે બુધવારે અહીં પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદી બ્રુનેઈની તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત પૂર્ણ કર્યા બાદ તેમના સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગના આમંત્રણ પર દક્ષિણ-પૂર્વ એશિયાઇ દેશની તેમની પાંચમી સત્તાવાર મુલાકાતે અહીં પહોંચ્યા હતા. નવી દિલ્હીમાં અધિકારીઓએ જણાવ્યું કે વડાપ્રધાન બે દિવસની મુલાકાત

...અનુસંધાન પાના ૯ પર

### સિંગાપોરમાં PM મોદીનો અલગ અંદાજ, સ્વાગતમાં જાતે ઢોલ વગાડ્યું



બ્રુનેઈની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે સિંગાપોરની બે દિવસીય સત્તાવાર મુલાકાતે ગયા. ચાંગી એરપોર્ટ પર પહોંચતા જ ભારતીય સમુદાય દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સિંગાપોરમાં પીએમ મોદીનું સ્વાગત જોવા જેવું હતું. તેમણે મહારાષ્ટ્રીયન ધૂન પર ઢોલ વગાડવાની તેમની ખાસ શૈલીથી દરેકનું દિલ જીતી લીધું હતું. પીએમ મોદી પોતે એનઆરઆઈ સાથે ડ્રમ વગાડતા

...અનુસંધાન પાના ૯ પર

## રાજીવની તુલનાએ રાહુલ વધુ બૌદ્ધિક અને સારા વ્યૂહકાર છે : સામ પિત્રોડા

**પિત્રોડાના** મતે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીમાં ભાવિ વડા પ્રધાનના તમામ ગુણો છે



**નવી દિલ્હી, તા. 4 (PTI) :** લાંબા સમયથી ગાંધી પરિવારના વિશ્વાસુ રહેલા સામ પિત્રોડા કહે છે કે, રાહુલ ગાંધી તેમના પિતા રાજીવ ગાંધીની તુલનામાં વધુ બૌદ્ધિક અને વધુ વ્યૂહરચનાકાર છે. તેમણે બંને નેતાઓને 'ભારતના વિચારના રક્ષકો' તરીકે વર્ણવ્યા હતા. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં પિત્રોડાએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીમાં ભાવિ વડા પ્રધાનના તમામ ગુણો છે.

રાહુલ ગાંધી 8થી 10 સપ્ટેમ્બર સુધી યુએસની મુલાકાત લેશે જે દરમિયાન તેઓ વોશિંગ્ટન ડીસી અને ડલ્લાસમાં અસંખ્ય વાર્તાલાપ કરશે, જેમાં યુનિવર્સિટી ઓફ જ્યોર્જટાઉન અને યુનિવર્સિટી ઓફ ટેક્સાસનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ નેતાએ શિકાગોથી પીટીઆઈને કહ્યું હતું કે, ''મને ઘણા વડા પ્રધાનોને ખૂબ નજીકથી જોવાની તક મળી, પરંતુ રાહુલ અને રાજીવ વચ્ચેનો તફાવત કદાચ એ છે કે રાહુલ ઘણા વધુ બૌદ્ધિક, વિચારક છે,

રાજીવ થોડો વધુ કર્મશીલ હતા. તેમની પાસે સમાન ડીએનએ છે, લોકો માટે તેઓ સમાન ચિંતાઓ ધરાવે છે. તેઓ સાચા અર્થમાં દરેક માટે વધુ સારા ભારતનું નિર્માણ કરવામાં માને છે, તેઓ સાચા અર્થમાં સરળ લોકો છે, તેમની કોઈ મોટી અંગત જરૂરિયાતો નથી.''

## જો શિવાજીની પ્રતિમા સ્ટેનલેસ સ્ટીલની બની હોત તો તે પડી ન હોત : નીતિન ગડકરી

**હું માનું** છું કે સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ દરિયાની 30 કિલોમીટરની ત્રિજ્યામાં થવો જ જોઈએ : માર્ગ પરિવહન મંત્રી ગડકરી



**નવી દિલ્હી, તા. 04 (PTI) :** કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે જો મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના નિર્માણમાં સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો તે પડી ન હોત. ગડકરીએ દરિયાકાંઠાના વિસ્તારોમાં એન્ટી-રસ્ટ પ્રોડક્ટ્સના ઉપયોગ પર પણ ભાર મૂક્યો હતો. 26 ઓગસ્ટના રોજ મરાઠા રાજ્યના આદરણીય સ્થાપક શિવાજી મહારાજની પ્રતિમાના પતનથી મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય વિવાદ સર્જાયો હતો.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી ગડકરીએ કહ્યું હતું કે તેઓ

...અનુસંધાન પાના ૯ પર

## ભારતે 2022માં ઘણા સમૃદ્ધ દેશો કરતાં વધુ ક્લાયમેટ ધિરાણ પ્રદાન કર્યું : રિપોર્ટ

**ભારતે 2022માં અન્ય વિકાસશીલ દેશોને 1.28 બિલિયન ડોલરનું જ્યારે ચીને 2.52 બિલિયન ડોલર ક્લાયમેટ ધિરાણ પૂરું પાડ્યું**

**ગ્રીસે** 0.23 બિલિયન, પોર્ટુગલે 0.23 બિલિયન, આયર્લેન્ડે 0.3 બિલિયન અને ન્યુઝીલેન્ડ 0.27 બિલિયન ડોલર ધિરાણ કર્યું

**નવી દિલ્હી, તા. 04 (PTI) :** ભારતે 2022 માં બહુપક્ષીય વિકાસ બેંક (એમડીબી) દ્વારા ક્લાયમેટ ધિરાણ માટે 1.28 બિલિયનનું યોગદાન આપ્યું હતું, જે ઘણા વિકસિત દેશોના યોગદાન કરતાં વધુ છે. આ માહિતી એક નવા વિશ્લેષણમાંથી પ્રાપ્ત થઈ છે. યુકે સ્થિત થિંક ટેન્ક ઓડીઆઇ અને ઝ્યુરિચ ક્લાઈમેટ રેઝિલિયન્સ એલાયન્સ દ્વારા હાથ ધરવામાં આવેલ વિશ્લેષણ, કેટલાક વિકાસિત દેશો દ્વારા ક્લાઈમેટ ફાઈનાન્સ માટે દાતા આધારને વ્યાપક બનાવવા માટે ચીન અને સાઉદી અરેબિયા જેવા વિકાસશીલ દેશોને સામેલ કરવાના નવેસરના પ્રયાસ વચ્ચે આવ્યું છે.

ભારતે 2022માં એમડીબીના માધ્યમથી અન્ય વિકાસશીલ દેશોને 1.28 બિલિયન ડોલરનું ક્લાયમેટ ધિરાણ પૂરું પાડ્યું, જે ગ્રીસ 0.23 બિલિયન ડોલર, પોર્ટુગલ 0.23 બિલિયન ડોલર, આયર્લેન્ડ 0.3 બિલિયન ડોલર અને ન્યુઝીલેન્ડ 0.27 બિલિયન ડોલર જેવા કેટલાક વિકસિત દેશો દ્વારા આપવામાં આવેલા યોગદાન કરતાં વધુ છે.

...અનુસંધાન પાના ૯ પર

### તા. ૦૪-૦૯-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૩૬ મીમી | મોસમનો ૧૬૭૦ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૩૯.૩૪ ફૂટ | આઉટફ્લો ૯૦૦૩૪ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૦ સે. | ૨૬.૦ સે. | ૮૫ % |

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202